ફોજદારી કેસ નંબર : ૩૨૦૦૫૦૯/૨૦૧૪

<u>આંક–૦૧ હેઠળ હુકમ :</u>

ફરિયાદ પક્ષે રજુ વિથડ્રો પુરશીશ વંચાણે લીધી. વીથડ્રો પુરશીશમાં ફરિયાદીની તથા તેઓના વિધ્વાન વકિલશ્રીની સહી છે.

૨. ફરિયાદ પક્ષે વિથડ્રો પુરશીશ રજુ કરી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરે છે. સદર વીથડ્રો પુરશીશ કામમાં દાખલ કરવાનો હુકમ કરેલ છે.

૩. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ વિથડ્રો પુરશીશ ધ્યાને લેતાં, અત્રેની અદાલતને હાલની ફરિયાદ પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. પરિણામે, હાલની ફરિયાદ વિથડ્રો થી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને ધી વટાવખત અધિનિયમ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબના ગન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી સામે જો કોઈ પ્રોસેસ કરવામાં આવેલ હોય તો સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરી સદર પ્રોસેસ પરત મંગાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧મી, માહે – સપ્ટેમ્બર, સને ૨૦૨૧ના રોજ જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૧.૦૯.૨૦૨૧

**(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
(નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૨)
અમદાવાદ (જીજે–૦૦૮૮૯)